# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૮ તા.૩૧-૦૫-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ- વર્ષ ૨૦૨૩-૨૪ના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના આયોજન બાબત.

સંદર્ભ :- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૩-૨૪/ ૩૩૪ - ૪૨૦ તા.૧૧-૦૫-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ''કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ પ્રવેશોત્સવ કાર્યક્રમ''નું આયોજન તા.૧૨,૧૩ અને ૧૪ જૂન-૨૦૨૩ દરમ્યાન કરવામાં આવ્યું છે.આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના તથા માર્ગદર્શન પ્રમાણે ''કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ પ્રવેશોત્સવ-૨૦૨૩''ની ઉજવણી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૩૧-૦૫-૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**By-Email**
**શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩**
**તાત્કાલિક/અગત્યનું**

**ક:પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૩-૨૪/**338-420
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૧૧/૦૫/૨૦૨૩

**પ્રતિ,**
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
-શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય: વર્ષ ૨૦૨૩-૨૪ના કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના આયોજન બાબત.**

**સંદર્ભ:** શિક્ષણ વિભાગના પત્રક:પીઆરઇ/૧૧૨૦૨૩/સિં.ફા.-૦૪/ક, તા.૧૦/૦૫/૨૦૨૩.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભ હેઠળના પત્રથી વર્ષ ૨૦૨૩-૨૪નો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ તા.૧૨-૧૩-૧૪ જૂન-૨૦૨૩(સોમવાર થી બુધવાર) દરમ્યાન શહેરી વિસ્તારનો અને ગ્રામ્ય વિસ્તારનો સંયુકત કાર્યક્રમ યોજવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય તે હેતુથી માર્ગદર્શક સૂચનાઓ આ સાથે મોકલી આપેલ છે. જે સૂચનાઓનું અનુસરણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ કાર્યક્રમના સુચારૂ આયોજન અર્થે દરેક જિલ્લા/નગરના એક અધિકારીની નોડલ ઓફિસર તરીકે નિયુક્તિ કરીને, તેમના નામ, હોદ્દો તથા મોબાઇલ નંબર સહિતની વિગતો આપની કચેરીના ઇ-મેઇલ પર મોકલી આપેલ **Google-sheet** ની લીંકમાં ભરી આજે જ રજૂ કરવા જણાવવામાં આવે છે.

**બિડાણ**-ઉપર મુજબ

**નાયબ શિક્ષણ નિયામક**
**પ્રાથમિક શિક્ષણ**
**ગુ.રા. ગાંધીનગર**

# શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ માટે જિલ્લાકક્ષાએથી કરવાની થતી કામગીરી અંગેની માર્ગદર્શક સૂચનાઓ

(૧) કાર્યક્રમનું આયોજન ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર માટે તા.૧૨, ૧૩ અને ૧૪ જૂન, ૨૦૨૩ નક્કી કરવામાં આવેલ છે.

(૨) રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં સૂચવેલ દિવસો દરમ્યાન પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

(૩) રાજય કક્ષાએથી જનાર પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓને એક તાલુકો ફાળવવાનો રહેશે અને એ જ તાલુકાના એક જ ક્લસ્ટરની ત્રણ પ્રાથમિક શાળાનો રૂટ ફાળવવાનો રહેશે. આમ તે જ તાલુકાના અલગ-અલગ ત્રણ ક્લસ્ટરની પ્રત્યેક દિવસે ત્રણ-ત્રણ શાળા ફાળવવાની રહેશે. રાજય કક્ષાએથી આવનાર મહાનુભાવ માટે વધુ વિદ્યાર્થીવાળી અને મોટી શાળા ભૌગોલિક સ્થિતિને ધ્યાને લઇ પસંદ કરવી. શક્ય હોય ત્યાં સુધી સ્કૂલ ઓફ એક્સેલન્સમાં સમાવિષ્ટ શાળાઓને પ્રાધાન્ય આપવું;

(અ) સવારે ૮:૦૦ થી ૯:૩૦ પ્રથમ પ્રાથમિક શાળા

(બ) સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦ બીજી પ્રાથમિક શાળા

(ક) બપોરે ૧૨:૦૦ થી ૧૩:૩૦ ત્રીજી પ્રાથમિક શાળા. આ ત્રીજી પ્રાથમિક શાળામાં સી.આર.સી દ્વારા ક્લસ્ટર રિવ્યૂનું આયોજન કરવાનું રહેશે.

તેમજ તા.૧૪ જૂન ૨૦૨૩ના રોજ ૧૬:૦૦ થી ૧૭:૦૦ કલાકે બી.આર.સી દ્વારા તાલુકા કક્ષાએ સમીક્ષા બેઠકનું આયોજન કરવું. જેમાં તાલુકાની તમામ શાળાઓની સિધ્ધિઓ અને ભવિષ્યના આયોજન સાથેનું પ્રેઝન્ટેશન રજુ કરવાનું રહેશે. આ રીવ્યુ બેઠકમાં તે તાલુકામાં ફાળવાયેલ તમામ મહાનુભાવોને ઉપસ્થિત રહેવા અગાઉથી જાણ કરવાની રહેશે.

(૪) જિલ્લા કક્ષાએથી જનાર પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓને એક દિવસે જે એક ક્લસ્ટરની ત્રણ પ્રાથમિક શાળાઓ ફાળવવાની થાય છે, તેનો રૂટ, શાળાની પસંદગીના ધોરણો અને અન્ય આનુષાંગિક કાર્યવાહી મુદ્દા નં. ૩ મુજબ કરવાની રહેશે.

(૫) રાજ્ય તથા જિલ્લા કક્ષાએથી જનાર સંબંધિત પદાધિકારીશ્રી/અધિકારીશ્રીના રૂટ બનાવવા અને કિટ પહોંચાડવાની જવાબદારી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે. આ કામગીરીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જરૂરી સહકાર આપવાનો રહેશે.

(૬) રાજ્ય કક્ષાએથી કાર્યક્રમમાં ભાગ લેનાર માન.મંત્રીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ તથા અધિકારીશ્રીઓની યાદી તૈયાર કરીને, તેઓ કયા જિલ્લા / તાલુકાના કાર્યક્રમમાં ભાગ લેશે, તેની વિગતો/યાદી શિક્ષણ વિભાગ કક્ષાએથી મોકલી આપવામાં આવશે. ક્લસ્ટર અંતર્ગત આવેલી સરકારી પ્રાથમિક શાળાઓના અંતરને ધ્યાને લઈ રૂટ બનાવવાની કામગીરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૭) જિલ્લાના રૂટ નિયત કરીને, રાજ્ય કક્ષાએથી આવનાર મહાનુભાવોના રૂટ તેમજ જિલ્લા કક્ષાના કયા પદાધિકારીશ્રી/અધિકારીશ્રી ભાગ લેશે તેની યાદી તૈયાર કરવી તથા મુલાકાત લેનાર મહાનુભાવોને સમયબધ્ધ કાર્યક્રમની રૂપરેખા આપવી તથા દરેક મહાનુભાવ સાથે એક લાયઝન અધિકારીની નિમણૂક કરવાની રહેશે.

(૮) પદાધિકારીશ્રી/અધિકારીશ્રીને આપવાની થતી કિટની ખરીદી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ કરવાની રહેશે.

(૯) રાજ્ય અને જિલ્લા કક્ષાના પદાધિકારીશ્રી / અધિકારીશ્રીને ક્લસ્ટર ફાળવતા જો બધી સરકારી પ્રાથમિક શાળાઓનો આયોજનમાં સમાવેશ થતો ન હોય તો તેવી શાળાઓમાં આ જ દિવસે અને પરિપત્રની સૂચના મુજબ એસ.એમ.સી. મારફત પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરવાનો રહેશે.

(૧૦) કાર્યક્રમને લગતી કિટ તૈયાર કરવી તથા તેનું વિતરણ રાજ્ય કક્ષાના પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓને તેમજ જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓને સંબંધિત જિલ્લા કચેરીઓએ જ સમયસર, ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલા કરવાનું રહેશે.

(૧૧) શિક્ષણને લગતી યોજનાઓની માહિતી/સાહિત્ય તૈયાર કરી જિલ્લા/નગરને સમગ્ર શિક્ષા કચેરી દ્વારા આપવામાં આવશે. જેનો કિટમાં સમાવેશ કરવાનો રહેશે. સાહિત્ય તરીકે ગત વર્ષે શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે હાથ ધરાયેલા પ્રકલ્પોની વિગત,

- શિક્ષણ વિભાગની સિધ્ધિઓ દર્શાવતું બ્રોસર / બુકલેટ,
- આંગણવાડીમાં પ્રવેશપાત્ર બાળકોની યાદી,
- બાલવાટિકામાં પ્રવેશપાત્ર બાળકોની યાદી,
- ધો.૧માં પ્રવેશપાત્ર બાળકોની યાદી,
- શાળામાં પ્રવેશપાત્ર ૬ થી ૧૪ વર્ષના બાળકો પૈકી જે બાળકો શાળામાં પ્રવેશથી વંચિત (શાળા બહારના Out of Schools) છે તેવા બાળકોની યાદી,
- ગુણોત્સવ ૨.૦ અંતર્ગત શાળાઓના મૂલ્યાંકનની માહિતીનો કિટમાં સમાવેશ કરવો,
- શાળાઓમાં ઉપલબ્ધ અન્ય સુવિધાઓ જેવી કે કમ્પ્યૂટર લેબ, સ્માર્ટ ક્લાસ, વગેરે જેવી માહિતીઓ.

(૧૨) જિલ્લાઓને કાર્યક્રમની ઉજવણી તથા તેના પ્રચાર-પ્રસાર માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા ગ્રાન્ટ ફાળવી આપવામાં આવશે.

(૧૩) જિલ્લા/મ્યુનિસિપલ વિસ્તારની નીચે મુજબની અમલીકરણ સમિતિની બેઠકો બોલાવવી.

## શાળા પ્રવેશોત્સવ અમલીકરણ સમિતિ

### જિલ્લા શિક્ષણ સમિતિ

| | | |
|---|---|---|
| ૧ | સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રી | પ્રમુખ |
| ૨ | સંબંધિત જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી | સભ્ય |
| ૩ | સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્ય |
| ૪ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્ય સચિવ |
| ૫ | સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૬ | સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય | સભ્ય |
| ૭ | ચેરમેનશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ | સભ્ય |
| ૮ | સંબંધિત નાયબ માહિતી નિયામકશ્રી | સભ્ય |

**નગર શિક્ષણ સમિતિ તથા અધિકૃત નગરપાલિકા વિસ્તારની શાળાઓ માટે**

| | | |
|---|---|---|
| ૧ | સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ચીફ ઓફિસરશ્રી | પ્રમુખ |
| ૨ | ચેરમેનશ્રી, નગર શિક્ષણ સમિતિ | સભ્ય |
| ૩ | સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૪ | સંબંધિત શાસનાધિકારીશ્રી | સભ્ય સચિવ |
| ૫ | સંબંધિત નાયબ માહિતી નિયામકશ્રી | સભ્ય |
| ૬ | સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી / ચીફ ઓફિસર ને યોગ્ય લાગે તેવા અન્ય સભ્યો | સભ્ય |

(૧૫) શાળા પ્રવેશોત્સવની મિટિંગમાં આ કાર્યક્રમ સાથે જોડાયેલ વિભાગ જેવા કે મહિલા અને બાળ વિકાસ વિભાગ, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ, આદિજાતી વિભાગ, આરોગ્ય વિભાગ તથા વન અને પર્યાવરણ વિભાગને પણ હાજર રાખવા.

(૧૬) કાર્યક્રમ અંગે રાજ્ય કક્ષાએથી માંગવામાં આવતી માહિતી તાત્કાલિક પૂરી પાડવામાં આવે તે માટે એક અધિકારીની નોડલ ઓફિસર તથા રૂટના લાયઝન અધિકારીની નિયુક્તિ કરીને, તેમના નામ, હોદ્દો તથા મોબાઈલ નંબર સહિત સંપર્ક થઈ શકે તેવી માહિતી સાથે સંબંધિતોને જાણ કરવી.

(૧૭) મુખ્ય શિક્ષકે પ્રવેશોત્સવ દરમ્યાન કેટલા બાળકોએ પ્રવેશ મેળવ્યો, મળેલ દાન / લોક સહયોગ તેમજ તેને આનુષાંગિક આંકડાકીય માહિતી તાલુકા એમ.આઈ.એસ.(MIS) ને પહોંચાડવાની રહેશે. તાલુકા એમ.આઈ.એસ.એ સદર માહિતી મેળવીને સમગ્ર શિક્ષા અભિયાન મિશનની કચેરીને પહોંચાડવાની રહેશે.

(૧૮) શાળાઓએ ઓછા નામાંકન અને ઓછા સ્થાયીકરણ, વધારે ગેરહાજરી ધરાવતા વિસ્તારો તથા વર્ગ વિશેષ જાતિઓ સુનિશ્ચિત કરવી તથા તે અંગેની સમસ્યાઓના નિરાકરણ માટે વર્ષ દરમ્યાન એસ.એમ.સી તથા કૉમ્યુનિટીના સભ્યો સાથે મળીને અસરકારક આયોજન કરવું.

## શાળા પ્રવેશોત્સવની પુર્વ તૈયારીરૂપે શાળાકક્ષાએ કરવાની થતી કામગીરી

- પ્રવેશપાત્ર બાળકોનો સચોટ સર્વે કરી અને નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરવી.
- શાળાની સ્વચ્છતા ખૂલતાં વેકેશન પૂર્વે થઈ જાય તેવી યોગ્ય વ્યવસ્થા કરવી
- પ્રવેશોત્સવ ઉજવણીની તારીખ અને સમયની જાહેરાત કરવી.
- વાલીઓ અને લોકોને આ કાર્યક્રમનું આમંત્રણ આપવું તથા નામાંકન અને પ્રવેશોત્સવ કાર્યક્રમમાં તેમનો સહયોગ લેવો.
- શાળામાં નામાંકન તથા પ્રવેશોત્સવનું સમગ્ર આયોજન શાળા વ્યવસ્થાપન સમિતિનાં સંકલનમાં રહીને કરી શકાય.

## શાળાકક્ષાએ પ્રવેશોત્સવના આયોજન અંગે મુખ્યત્વે નીચેના પાસાઓ કેન્દ્રમાં રાખી કાર્યવાહી કરવાની રહેશે:-

(૧) પ્રવેશ માટેની પાત્રતા ધરાવતા નીચે પ્રમાણેના બાળકોને પ્રવેશ આપી શિક્ષણ કાર્ય શરૂ કરવું;

- પાત્રતા ધરાવતા તમામ બાળકોને આંગણવાડીમાં નામાંકન
- પાત્રતા ધરાવતા તમામ ૧૦૦% બાળકોને બાલવાટિકામાં નામાંકન
- પાત્રતા ધરાવતા તમામ ૧૦૦% બાળકોનું ધોરણ-૧માં નામાંકન
- પ્રવેશ આપેલ તમામ બાળકોની શક્ય હોય ત્યાં સુધી જન્મ પ્રમાણપત્રના આધારે ત્રણ દિવસમાં CTS (ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ) ડેટાબેઝમાં એન્ટ્રી કરવી.
- પ્રવેશોત્સવમાં પ્રવેશ ન મેળવેલ બાળકોનું CRS (સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમ)ના જન્મ રજિસ્ટર/ડેટાબેઝમાંથી ટ્રેકિંગ કરી તેઓની નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરવી.
- ધોરણ-૧માં પ્રવેશ પામતા વિદ્યાર્થી માટે **વિદ્યા પ્રવેશ** (Schools Readiness Programme) કાર્યક્રમનો શુભારંભ.
- જે ફળીયા/વિસ્તારમાં ઉચ્ચતર પ્રાથમિકના વર્ગો ના હોય તો તેના નજીકના વિસ્તારમાં પ્રાથમિક શાળામાં બાળકોને પ્રવેશ.

(૨) બી.આર.સી તથા સી.આર.સી. એ તેમના તાલુકા/ક્લસ્ટરમાં આવતી શાળાઓમાં થયેલ નામાંકનની કામગીરીની સમીક્ષા કરી ૧૦૦% નામાંકન થાય તેવા પ્રયત્નો હાથ ધરવા.

(૩) વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો સમયસર મળી જાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) નવા સત્રથી નિયમિત રીતે બાળકો તથા શિક્ષકોની ઓનલાઇન હાજરી ભરાય તે સુનિશ્ચિત કરવું.

**<u>પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન શાળા કક્ષાએ કરવાની થતી કાર્યવાહી:-</u>**

(૧) એક વિદ્યાર્થીની અને એક વિદ્યાર્થી દ્વારા પ્રવેશોત્સવ કાર્યક્રમનું સંચાલન થાય તેવું આયોજન કરવું.

(૨) દરેક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી માટે નીચે પ્રમાણેની કાર્યક્રમ સૂચિને અનુસરવી.

| ક્રમ | વિગત | સમય |
|---|---|---|
| ૧ | પદાધિકારીશ્રી/ અધિકારીશ્રીઓનું આગમન | -- |
| ૨ | દીપ પ્રાગટય | ૩ મિનિટ |
| ૩ | પ્રાર્થના | ૭ મિનિટ |
| ૪ | મહાનુભાવોનું સ્વાગત | ૫ મિનિટ |
| ૫ | પ્રવેશોત્સવ કાર્યક્રમ | ૧૫ મિનિટ |
| ૬ | બાળક દ્વારા વક્તવ્ય | ૫ મિનિટ |
| ૭ | સન્માન | ૭ મિનીટ |
| ૮ | પ્રેરક ઉદ્દ્બોધન | ૧૫ મિનિટ |
| ૯ | આભાર વિધિ | ૩ મિનિટ |
| ૧૦ | શાળા પરિસર મુલાકાત તથા SMC સાથે બેઠક | ૨૫ મિનિટ |
| ૧૧ | વૃક્ષારોપણ | ૭ મિનિટ |

(૩) યોગથી નિરોગી, સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, પાણી બચાવો, વૃક્ષારોપણ, જમીન સુધારણા, વ્યસનમુક્તિ, પ્રાકૃતિક ખેતી, વગેરે વિષય પર બાળકોને વક્તવ્ય તૈયાર કરાવવાની જવાબદારી શિક્ષકોની રહેશે. પ્રવેશોત્સવ વખતે વિદ્યાર્થીઓનું વક્તવ્ય રાખવું.

(૪) પદાધિકારીઓશ્રી/અધિકારીશ્રીઓને ફૂલ, ગુલાબ, પાંદડી, તિલકથી સ્વાગત કરવાની જરૂર નથી. તેમનું સ્વાગત કોઈ બાળક થકી પુસ્તક આપીને કરાવવું.

(૫) પ્રવેશ પામતા બાળકોના ડ્રેસ ઉપર તેમના નામનું બેઈઝ લગાવી શકાય તેમજ પ્રવેશ પામતા વિદ્યાર્થીઓને જે પાઠ્ય પુસ્તક આપવામાં આવે તેના ઉપર નામ લખવાનું કે સ્ટીકર લગાવવાનું રહેશે.

(૬) પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાલક્ષ્મી બોન્ડ ધરાવતી કન્યાઓને પાકતી મુદતના બોન્ડની રકમના ચેકનું વિતરણની જવાબદારી જે તે શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.

(૭) આંગણવાડીના બાળકોને સુખડી સાથે કેળા, ચીકુ, સફરજન, દ્રાક્ષ જેવા ફળો લોકભાગીદારીથી કે અન્ય રીતે આપી શકાય તે અંગે કાર્યવાહી કરવી.

(૮) છેલ્લા વર્ષમાં શૈક્ષણિક તથા સહશૈક્ષણિક પ્રવૃતિઓમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવું. આ સાથે જે બાળકોની અગાઉના વર્ષમાં ૧૦૦% હાજરી હોય તેવા બાળકો અને તેમના વાલીઓને સન્માનિત કરવા.

(૯) દાન / લોકફાળો આપનાર દાતાઓ, સહકારી સંસ્થા કે સ્વૈચ્છિક સંસ્થાઓનું સન્માન કરવું.

(૧૦) વાલીઓમાં શિક્ષણ અને કન્યા કેળવણી પ્રત્યે જાગૃતતા કેળવાય તે માટે પ્રોત્સાહનરૂપી વક્તવ્ય મહાનુભાવ દ્વારા અપાય તે પ્રકારનું આયોજન કરવું.

(૧૧) કાર્યક્રમમાં વધારેમાં વધારે લોકભાગીદારી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવું.

(૧૨) કાર્યક્રમની ગુણવત્તા, અસરકારકતા તેમજ સ્થાનિક પરીબળોને ધ્યાને લઈ રાજ્ય કક્ષાએથી આપેલી સૂચનાઓ સિવાય ઉચિત જણાય તેવા ફેરફાર સ્વવિવેકથી કરી શકાશે.

(૧૩) જો શાળામાં સ્માર્ટ ક્લાસ ચાલતો હોય તો તેની અમલવારીની ચકાસણી કરવી તથા બાળકોના સ્વઅધ્યયનમાં થયેલ વધારાની ચકાસણી કરવી.

(૧૪) ગત વર્ષે બાળકોની દર સપ્તાહમાં એકમ કસોટીનું આયોજન કરવામાં આવેલ હતું. આ એકમ કસોટી દ્વારા બાળકોનું મુલ્યાંકન હાથ ધરવામાં આવેલ હતું તથા છ માસિક અને વાર્ષિક કસોટી દ્વારા મુલ્યાંકન કરવામાં આવે છે. તેની યુનિટ ટેસ્ટબુક અને જવાબવાહીની ચકાસણી શિક્ષકો દ્વારા વ્યવસ્થિત થયેલ હોય, તે સુનિશ્ચિત કરવું.

(૧૫) G-Shala અને DIKSHA Portalની ઉપયોગિતાનું મહાનુભાવને નિદર્શન કરાવવું

(૧૬) જે બાળકો લર્નિંગ આઉટકમ સિધ્ધ કરી શક્યા નથી તેવા બાળકોની યાદી મુખ્ય શિક્ષકે તૈયાર કરવી.

(૧૭) જે પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમોમાં મહાનુભાવો જાય તે શાળામાં તાસ પધ્ધતિ અને વિષય શિક્ષણ પધ્ધતિના અમલવારીની ચકાસણી કરવી.

(૧૮) ઓનલાઈન હાજરી અંતર્ગત શિક્ષકોની અને વિદ્યાર્થીઓની નિયમિત અને ૧૦૦% હાજરી ભરાય, તેની ચોકસાઈ કરવી.

(૧૯) શાળા પરિસર મુલાકાત તથા SMC સાથે બેઠક – (સરકારે નિર્ધારિત કરેલ કાર્યક્રમ, શાળા દ્વારા મેળવેલ સિધ્ધિઓ અને ભવિષ્યના આયોજન અંગેનો અહેવાલ શાળાના મુખ્ય શિક્ષક રજુ કરવાનો રહેશે. જેમાં નીચેના મુદ્દાઓને ધ્યાને લેવા.)

- બાળકોના નામાંકનની સમીક્ષા
- ઉપચારાત્મક વર્ગ,
- 100% વિદ્યાર્થી અને શિક્ષકોની હાજરીની સમીક્ષા,
- ગુણોત્સવ 2.0 દ્વારા થયેલ મૂલ્યાંકન,
- શાળાઓની ભૌતિક સુવિધાઓની સમીક્ષા,
- G-Shala ના ઉપયોગથી વિદ્યાર્થીઓને અભ્યાસ થયેલ લાભ
- શાળામાં થયેલ શિક્ષણ અંગેની વિશિષ્ટ કામગીરી,
- એકમ-કસોટી અને સંત્રાત પરીક્ષાઓ વગેરે...

(૨૦) તાલુકા/ક્લસ્ટર રિવ્યુ

1. જે શાળામાં સંબંધિત ક્લસ્ટરનો રિવ્યૂ કરવાનો હોય, તેમાં ક્લસ્ટરની શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપસ્થિત રહેવા સુચના આપવી. આવેલ પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓ સમક્ષ સંબંધિત બી.આર.સી./સી.આર.સી.એ આ સાથે સામેલ ફોર્મેટમાં વિગતો તૈયાર કરી પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું રહેશે અને તેની ચર્ચા કરવાની રહેશે.
2. બી.આર.સી./સી.આર.સી. દ્વારા નીચેના મુદ્દાઓ ધ્યાને લઇ પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું રહેશે.
   - બાળકોના નામાંકનની સ્થિતિ
   - બાળકો અને શિક્ષકોની સંખ્યા, ૧૦૦% હાજરી અને ઑનલાઇન હાજરીની સ્થિતિની સમીક્ષા
   - ગુણોત્સવ 2.0 દ્વારા થયેલ મૂલ્યાંકનની સમીક્ષા
   - એકમ કસોટી અને સત્રાંત પરીક્ષાની સમીક્ષા
   - ઉપચારાત્મક વર્ગ
   - મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ અંતર્ગત થયેલ કામગીરી
   - શાળાઓ તથા ક્લસ્ટરના ડ્રોપઆઉટની સમીક્ષા
   - શાળાઓની ભૌતિક સુવિધાઓની સ્થિતિ એટલે કે સ્વચ્છતા, પીવાનું પાણી, સેનિટેશન, વર્ગખંડની સ્થિતિ, રમતના સાધન અને મેદાન, સ્માર્ટ વર્ગખંડ, કમ્પ્યુટર લેબ વગેરે..
   - G Shala અંતર્ગત થયેલ કામગીરી
   - પ્રાથમિક શાળાના બાળકોને પાઠ્યપુસ્તકના વિતરણની સમીક્ષા કરવી.
3. તાલુકા/ક્લસ્ટર રિવ્યુ મિટીંગનો અહેવાલ તથા સી.આર.સી. દ્વારા કરવામાં આવેલ પ્રેઝન્ટેશનની સોફટ કોપી બી.આર.સી.એ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / શાસનાધિકારીશ્રી મારફત પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીને પ્રવેશોત્સવ પૂર્ણ થયાના ૭ દિવસમાં જમા કરવાની રહેશે.

## પ્રવેશોત્સવ પૂર્ણ થયા પછી શાળાકક્ષાએ હાથ ધરવાની કાર્યવાહી માટેની સૂચનાઓ :-

(૧) પ્રવેશોત્સવ પૂર્ણ થયા પછી પ્રવેશથી વંચિત રહી ગયેલા બાળકોનું સતત ફોલો-અપ કરવું અને સમયાંતરે પુનઃપ્રવેશનું આયોજન કરવુ.

- સર્વે મુજબ જે પ્રવેશપાત્ર બાળક કોઇપણ કારણસર નામાંકનથી વંચિત રહી ગયેલ હોય તો પ્રવેશોત્સવથી એક માસ સુધી અઠવાડીક સમીક્ષા સી.આર.સી. તથા બી.આર.સી. દ્વારા કરી ૧૦૦% નામાંકન માટેના સઘળા પ્રયત્નો હાથ ધરવા.

(૨) વર્ષ દરમ્યાન એસ.એમ.સી. દ્વારા શાળામાં વિદ્યાર્થીઓની ૧૦૦% હાજરી રહે તે માટેનાં પ્રયાસો કરવા.

- શાળાઓએ નામાંકન થયા બાદ હાજરીમાં અનિયમિત રહેતા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરી, એસ.એમ.સી.ના સભ્યો તથા ગામના આગેવાનોની મદદથી તેવા બાળકોના વાલી સંપર્ક કરીને બાળક શાળામાં નિયમિત હાજર રહે તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવાના રહેશે.
- મુખ્ય શિક્ષક બાળકોની હાજરીની સ્થિતિનો અહેવાલ સી.આર.સી. અને બી.આર.સી.ને આપશે.
- સતત ગેરહાજર રહેતા બાળકો માટે સી.આર.સી., મુખ્ય શિક્ષક અને એસ.એમ.સી.ના સભ્યો બાળક શાળાએ હાજર રહે તેનું આયોજન કરશે.

(૩) હાજરીની સ્થિતિ સુધારવા, અનિયમિત બાળકોનું ફોલો-અપ કરવા તથા વાલીઓમાં તેમના બાળકોના શિક્ષણમાં તેમની ભૂમિકા અંગે જાગૃતિ લાવવા અને સહયોગ વધારવા વાર્ષિક એસ.એમ.સી.ની ત્રણ મીટીંગ, માસિક સ્ટાફ મીટીંગ અને ત્રિ-માસિક વાલી મીટીંગનું આયોજન કરવાનું રહેશે.

(૪) સતત ગેરહાજર રહેતા બાળકોનો ડેટા દર ૧૫ દિવસે શાળાએ શાળાહાજરી રજિસ્ટર/સમગ્ર શિક્ષા મારફતે મેળવી અનિયમિત કે સતત ગેરહાજર બાળકોનું એસ.એમ.સી. તથા સમુદાયના જાગૃત અને સહાયક વ્યક્તિઓના સહયોગથી ફોલો-અપ કરી નિયમિત કરવાના પરિણામલક્ષી પ્રયત્નો કરવાના રહેશે. સમગ્ર શિક્ષા મારફતે તૈયાર કરાયેલ યાદી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બી.આર.સી. મારફતે સીઆરસી અને શાળા સુધી પહોંચાડી શકાય.

(૫) પ્રવેશોત્સવમાં પ્રવેશથી બાકાત રહી ગયેલ નીચે પ્રમાણેના બાળકોનું ટ્રેકિંગ કરી તેઓની નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરવી

- ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં શક્ય હોય ત્યાં સુધી જન્મ પ્રમાણપત્રને આધારે ડેટાએન્ટ્રી બાદ આરોગ્ય વિભાગના CRS ડેટાબેઝ સાથે થયેલ ઈન્ટીગ્રેશન દ્વારા રાજયમાં જન્મેલા અને નામાંકન યોગ્ય હોવા છતાં નામાંકન ના થયેલ હોય તેવા બાળકોના માતા તથા પિતાના સરનામા અત્રેથી વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- તદ્ઉપરાંત, eMamta (Techo) ના ડેટાબેઝમાં નોધાયેલ તથા અન્ય સ્ત્રોત્ર દ્વારા ઉપલબ્ધ થયેલ પ્રવેશપાત્ર બાળકોમાં ચકાસણી સમયે તે વિસ્તારમાંથી રાજ્યના અન્ય વિસ્તારમાં સ્થળાંતરિત થયેલ બાળકોની વિગતો અત્રેની કચેરીએથી જે તે સબંધિત જિલ્લાઓને ફાળવવામાં આવશે. જેને જે તે વિસ્તારની શાળા સુધી પહોંચતાં કરી, આવા સ્થળાંતરિત બાળકોનું નામાંકન પણ કરવાનું રહેશે.
- ઉપરોક્ત વિગતોના આધારે લાગુ પડતાં બાળકોના માતા અને પિતાના સરનામાવાળી શાળાઓએ તપાસ કરી રહી ગયેલા બાળકોના પ્રવેશની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી**

**ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧, સેક્ટર-૧૦, ગુ.રા. ગાંધીનગર-૩૮૨૦૧૦,**

**ફોન નં.૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, Email - plan.dpe.guj@gmail.com**

ક્રમાંક:-પ્રા.શિ.નિ/ચ-૧/૨૦૨૩-૨૪/૬૨૫-૭૨ તા.૨૪/૦૫/૨૦૨૩

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

શાસનાધિકારીશ્રી, તમામ.

વિષય: પ્રવેશોત્સવના પરીપત્ર સંદર્ભે વધારાની સુચના અંગે.

સંદર્ભ: આ કચેરીના પરીપત્ર ક્ર:પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૨૩-૨૪/૩૩૪-૪૨૦, તા.૧૧/૦૫/૨૦૨૩.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, આ કચેરીના સંદર્ભ હેઠળના પત્રથી આગામી તા.૧૨-૧૩-૧૪ જુન, ૨૦૨૩ દરમિયાન યોજાનાર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના સૂચારૂ આયોજનના હેતુથી માર્ગદર્શક સૂચનાઓ મોકલી આપવામાં આવેલ છે. જે સૂચનાઓ ઉપરાંત નીચે મુજબની વધારાની સૂચના ઉમેરવામાં આવે છે. જે સંબંધિતોના ધ્યાને મુકવા જણાવવામાં આવે છે.

- "તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની લેવાયેલ Common Entance Test માં ધોરણ-૫ ના એવા વિદ્યાર્થીઓ કે જેમણે Cut-Off માર્ક્સ કરતાં વધુ માર્ક્સ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ જો આપની શાળામાં હોય તો પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન તેમનું સન્માન કરવાનું રહેશે."

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર.

<u>સવિનય નકલ રવાના:-</u>

- માન.સચિવશ્રી (પ્રા. અને મા.શિ)નુ કાર્યાલય, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

# બ્લોક રીવ્યૂ ફોર્મેટ

## વર્ષ ૨૦૨૩-૨૪

પ્રાથમિક શિક્ષણ

**શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય**

# પ્રવેશોત્સવ 2.0: બ્લોક રીવ્યૂ બેઠક

- **શૈક્ષણિક કાર્યકમોનો રીવ્યૂ:**

1. બાળકોના નામાંકનની સ્થિતિ
2. બાળકો અને શિક્ષકો સંખ્યા, ૧00% હાજરી અને ઑનલાઇન હાજરીની સ્થિતિની સમીક્ષા
3. ગુણોત્સવ 2.0 દ્વારા થયેલ મૂલ્યાંકનની સમીક્ષા
4. એકમ કસોટી અને સત્રાંત પરીક્ષાની સમીક્ષા
5. ઉપચારાત્મક વર્ગ
6. મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ અંતર્ગત થયેલ કામગીરી
7. શાળાઓ તથા ક્લસ્ટરના ડ્રોપઆઉટની સમીક્ષા
8. શાળાઓની ભૌતિક સુવિધાઓની સ્થિતિ એટલે કે સ્વચ્છતા, પીવાનું પાણી, સેનિટેશન, વર્ગખંડની સ્થિતિ, રમતના સાધન અને મેદાન, સ્માર્ટ વર્ગખંડ, કોમ્પ્યુટર લેબોરેટરી, વગેરે
9. G Shala અંતર્ગત થયેલ કામગીરી
10. પ્રાથમિક શાળાના બાળકોને પાઠ્યપુસ્તકના વિતરણની સમીક્ષા.

- **સફળતાઓ અને પડકારો**
- **ક્લસ્ટર/બ્લોકનું ભવિષ્યનું શૈક્ષણિક આયોજન**

# બ્લોક સારાંશ

| સૂચકો- બ્લોક | સિદ્ધિઓ |
|---|---|
| # પ્રાથમિક શાળાની સંખ્યા | |
| # બાળકોની સંખ્યા | T: B: G |
| # જાતિ આધારિત બાળકોની સંખ્યા | G: OBC: ST: SC: EWC: |
| # શિક્ષકોની સંખ્યા | મંજુર મેહકમ: હાલ શિક્ષકોની સંખ્યા: ખાલી જગ્યા: |
| # ક્લસ્ટરમાં બાળકોની સરેરાશ હાજરી | ધોરણ 1 to 8: ધોરણ 1 to 5: ધોરણ 6 to 8: |
| # 60% થી ઓછી સરેરાશ હાજરી ધરાવતી શાળાઓ | |
| # પૂરતા વર્ગખંડો ધરાવતી શાળાઓની સંખ્યા | |
| # રમત-ગમતનું મેદાન તથા સાધનો ધરાવતી શાળાઓની સંખ્યા | |
| # પર્યાપ્ત પાણીની સુવિધા અને ટોઇલેટ ધરાવતી શાળાઓની સંખ્યા | પાણીની સુવિધા: ટોઇલેટની સુવિધા: |
| # કોમ્પ્યુટર લેબોરેટરી ધરાવતી શાળાઓની સંખ્યા | |
| # જ્ઞાનકુંજ અસરકારક રીતે ચાલતું હોય એવી શાળાઓ | |
| # માર્ગદર્શિકા મુજબ ઑનલાઇન હાજરી ડેટાએન્ટ્રી કરતી શાળાઓ | |
| # ઉપચારાત્મક શિક્ષણમાં આવરી લેવાયેલ બાળકો | |
| # ગુણોત્સવમાં શાળાઓને મળેલ ગ્રેડ | A+: A: B: C: D: |

# બ્લોક સારાંશ

| સૂચકો- બ્લોક આધારિત | સિદ્ધિઓ |
|---|---|
| # બાલવાટિકામાં સર્વે પ્રમાણે તમામ સ્ત્રોત્રોથી મળેલ પ્રવેશપાત્ર બાળકો | |
| # બાલવાટિકામાં સર્વે પ્રમાણે પ્રવેશપાત્ર બાળકોમાંથી પ્રવેશ પામેલા બાળકો | |
| # ધોરણ ૧માં સર્વે પ્રમાણે તમામ સ્ત્રોત્રોથી મળેલ પ્રવેશપાત્ર બાળકો | |
| # ધોરણ ૧માં સર્વે પ્રમાણે પ્રવેશપાત્ર બાળકોમાંથી પ્રવેશ પામેલા બાળકો | |
| # શાળાઓમાં ડ્રોપઆઉટ બાળકોની સ્થિતિ (ધો. ૧-૫ અને ધો. ૧-૮) | |
| # ધોરણ ૨ થી ૮ માં પુનઃપ્રવેશ પામેલા બાળકો | |
| # બાળકોની સરેરાશ હાજરી 60% થી વધુ હોય તેવી શાળાઓ બાળકોની સંખ્યા | |
| #વાંચન-ગણન-લેખન અંતર્ગત આવરી લેવાયેલ બાળકોની સંખ્યા | |
| # શાળાના કેટલા % બાળકોને પાઠ્યપુસ્તકના વિતરણ થયું છે? | |
| # G Shala કાર્યક્રમનો લાભ લેનાર બાળકોની સંખ્યા અને ટકાવારી | |

# નામાંકનની પરિસ્થિતિ – ૨૦૨૨-૨૩

| ક્રમ | ક્લસ્ટરનું નામ | # બાલવાટિકામાં નોધણીપાત્ર બાળકોની સંખ્યા | # બાલવાટિકામાં પ્રવેશ પામેલ બાળકોની સંખ્યા | # ધોરણ 1 માં નોધણીપાત્ર બાળકોની સંખ્યા | # ધોરણ ૧ માં પ્રવેશ પામેલ બાળકોની સંખ્યા | # ધોરણ ૨ થી ૮ માં પ્રવેશ પામેલ બાળકોની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | | | | | | | | | | | | |
| 2 | | | | | | | | | | | | |
| 3 | | | | | | | | | | | | |
| 4 | | | | | | | | | | | | |
| 5 | | | | | | | | | | | | |
| 6 | | | | | | | | | | | | |
| 7 | | | | | | | | | | | | |
| 8 | | | | | | | | | | | | |
| 9 | | | | | | | | | | | | |
| 10 | | | | | | | | | | | | |
| 11 | | | | | | | | | | | | |
| 12 | | | | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | | | |

# મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલેન્સ (SoE) અંતર્ગતની શાળાઓની સમીક્ષા

| ક્રમ | ક્લસ્ટરનું નામ | SoE અંતર્ગત Merit Certificate સર્ટિફિકેટ માટે યોગ્યતા ધરાવતી શાળાઓની સંખ્યા | SoE અંતર્ગત Distinction Certificate સર્ટિફિકેટ માટે યોગ્યતા ધરાવતી શાળાઓની સંખ્યા | SoE અંતર્ગત Excellence Certificate સર્ટિફિકેટ માટે યોગ્યતા ધરાવતી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| ૭ | | | | |
| ૮ | | | | |
| ૯ | | | | |
| ૧૦ | | | | |

# ગુણોત્સવ ૨.0 દ્વારા થયેલ શાળાઓની સમીક્ષા

| ક્રમ | ક્લસ્ટરનું નામ | સરેરાશ ગુણના આધારે કલર કેટેગરી અને સ્ટાર રેંકિંગ મેળવેલ શાળાઓની સંખ્યા | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | A+ | | | A | | B | C | D |
| | | Green 5 Star | Green 4 Star | Green 3 Star | Green 2 Star | Green 1 Star | Yellow | Red | Black |
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |
| ૫ | | | | | | | | | |
| ૬ | | | | | | | | | |
| ૭ | | | | | | | | | |
| ૮ | | | | | | | | | |
| ૯ | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | |

# PAT અને સત્રાંત કસોટીઓમાં ધો. ૩ (ત્રણ) માં મેળવેલ સિદ્ધિઓની વિગતો

| ક્રમ | ક્લસ્ટરનું નામ | ૮૦% થી વધુ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરેલ વિદ્યાર્થીઓની ટકાવારી | | ૬૦ થી ૮૦% વચ્ચે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરેલ વિદ્યાર્થીઓની ટકાવારી | | ૪૦ થી ૬૦% વચ્ચે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરેલ વિદ્યાર્થીઓની ટકાવારી | | ૪૦% થી ઓછી અધ્યયન નિષ્પત્તિ હોય તેવા વિદ્યાર્થીઓની ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | PAT | SAT | PAT | SAT | PAT | SAT | PAT | SAT |
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |
| ૫ | | | | | | | | | |
| ૬ | | | | | | | | | |
| ૭ | | | | | | | | | |
| ૮ | | | | | | | | | |
| ૯ | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | |

# PAT અને સત્રાંત કસોટીઓમાં ધો. ૫ (પાંચ) માં મેળવેલ સિદ્ધિઓની વિગતો

| ક્રમ | ક્લસ્ટરનું નામ | ૮૦% થી વધુ અદ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરેલ વિદ્યાર્થીઓની ટકાવારી | | ૬૦ થી ૮૦% વચ્ચે અદ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરેલ વિદ્યાર્થીઓની ટકાવારી | | ૪૦ થી ૬૦% વચ્ચે અદ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરેલ વિદ્યાર્થીઓની ટકાવારી | | ૪૦% થી ઓછી અદ્યયન નિષ્પત્તિ હોય તેવા વિદ્યાર્થીઓની ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | PAT | SAT | PAT | SAT | PAT | SAT | PAT | SAT |
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |
| ૫ | | | | | | | | | |
| ૬ | | | | | | | | | |
| ૭ | | | | | | | | | |
| ૮ | | | | | | | | | |
| ૯ | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | |

# PAT અને સત્રાંત કસોટીઓમાં ધો. ૮ (આઠ)માં મેળવેલ સિદ્ધિઓની વિગતો

| ક્રમ | ક્લસ્ટરનું નામ | ૮૦% થી વધુ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરેલ વિદ્યાર્થીઓની ટકાવારી | | ૬૦ થી ૮૦% વચ્ચે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરેલ વિદ્યાર્થીઓની ટકાવારી | | ૪૦ થી ૬૦% વચ્ચે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરેલ વિદ્યાર્થીઓની ટકાવારી | | ૪૦% થી ઓછી અધ્યયન નિષ્પત્તિ હોય તેવા વિદ્યાર્થીઓની ટકાવારી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | PAT | SAT | PAT | SAT | PAT | SAT | PAT | SAT |
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |
| ૪ | | | | | | | | | |
| ૫ | | | | | | | | | |
| ૬ | | | | | | | | | |
| ૭ | | | | | | | | | |
| ૮ | | | | | | | | | |
| ૯ | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | |

# ડ્રોપઆઉટની સ્થિતિ

| ક્રમ | ક્લસ્ટરનું નામ | ગત શૈક્ષણિક વર્ષમાં ડ્રોપઆઉટ બાળકોની સંખ્યા | | | | | | | | | ધો. ૧ થી ૮ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધો.૧ | ધો. ૨ | ધો. ૩ | ધો. ૪ | ધો. ૫ | ધો. ૧ થી ૫ કુલ | ધો. ૬ | ધો. ૭ | ધો. ૮ | |
| ૧ | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | |
| ૬ | | | | | | | | | | | |
| ૭ | | | | | | | | | | | |
| ૮ | | | | | | | | | | | |
| ૯ | | | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | | | |

# બ્લોકની મુખ્ય સફળતાઓ / પડકારો

# ક્લસ્ટર/બ્લોકનું ભવિષ્યનું શૈક્ષણિક આયોજન

મુખ્ય પ્રવૃત્તિઓ:

1.

2.

3.

4.

5.

# સકસેસ સ્ટોરી

નોંધ:

ફોટો 1

ફોટો 2

# આભાર......